જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૭/૦૧/૨૦૧૬ ગુરૂવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૪૭/૧૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૧ કેસ કરી ૨૫ વ્યક્તિઓને ઝડપી ૭૬ લીટર દેશી દારૂ, ૨૧૫ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧ કાર અને ૧ મોટર સાયકલ કબજે કર્યુ હતુ.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૪૮/૧૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૪૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૧૧ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**અપહરણની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૪૯/૧૬**

**રખિયાલઃ** ગજરીબહેન રાજુભાઈ પટણી (રહે.મુખીનગરના છાપરાં વિરાટનગર ચાર રસ્તા પાસે શાક માર્કેટની બાજુમાં વિરાટનગર) એ નિકોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૬/૧/૧૬ બપોરના ૨/૦૦ વાગ્યાના સુમારે ઘર નજીકથી પોતાની પુત્રી ગૌરીબહેન (ઉ.વ.૧૪) ને અજાણી વ્યક્તિ અપહરણ કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી એચ જે ચૌધરી ચલાવે છે.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૫૦/૧૬**

**પાલડીઃ** વીરલ અમિતભાઈ શાહ (રહે.ચંદનબાળા એપાર્ટમેન્ટ સ્ટેટ બેન્કની પાછળ સુવિધા શોપીંગ સેન્ટરની સામે) એ તા.૬/૧/૧૬ નારોજ પાલડી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨/૧/૧૬ કલાક ૧૦/૦૦ થી તા.૬/૧/૧૬ કલાક ૧૨/૩૦ વાગ્યા દરમ્યાન વીરલ શાહના પાલડી ભઠ્ઠા ઝવેરીપાર્ક સોસાયટી ખાતે આવેલ મકાનનો દરવાજો તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી ચાંદીના ગ્લાસ,ચાંદીની ગીની (બંગડી), ચાંદીના પુજાપાનો સામાન અને રોકડ રૂપિયા મળી કુલ રૂપિયા ૧,૮૬,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એ એચ ભાટી ચલાવે છે.

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૫૧/૧૬**

**કૃષ્ણનગરઃ** ભગીરથ કનુભાઈ કોટડીયા (રહે.ક્રિષ્ણા એપાર્ટમેન્ટ ઈન્દ્રજીતની બાજુમાં ઠક્કરનગર) એ કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૬/૧/૧૬ કલાક ૯/૦૦ થી ૧૨/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનમાંથી લીનોવા કંપનીનુ લેપટોપ કિમત રૂપિયા ૨૦,૦૦૦/- સેમસંગ કંપનીનો મોબાઈલ ફોન કિમત રૂપિયા ૫,૦૦૦/- અને પાકીટમાંથી રોકડ રૂપિયા ૧૮,૦૦૦/- મતાની અજાણી વ્યક્તિ ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એ એસ અસારી ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

<u>વાહનચોરીઃ-</u> **<u>સમાચાર યાદી નં.પર/૧૬</u>**

**વસ્ત્રાપુરઃ** કૃણાલ ડાહ્યાભાઇ ચૌધરી (રહે.નવરત્ન એવન્યુ, સત્તાધાર ચાર રસ્તા,ઘાટલોડીયા) એ તા.30/૧૨/૧૫ બપોરના ૪/00 વાગે બોડકદેવ નવા પશ્ચીમ ઝોનની કચેરી, મ્યુ.કોર્પોરેશનની ઓફીસ સામે પોતાની વેગનઆર કાર નંબર જીજે ૧૮ એબી ૧૪૭૩ કિંમત. રૂપિયા ૬0,000/- પાર્ક કરી હતી . જેની ચોરી રાતના ૮/00 વાગે થઈ હતી .આ અંગેની ફરીયાદ કૃણાલ ચૌધરીએ તા.૬/૧/૧૬ નારોજ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે .આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી કે કે રાઠોડ ચલાવે છે.

<u>આત્મહત્યાઃ-</u> **<u>સમાચાર યાદી નં.પ૩/૧૬</u>**

**રીવરફ્રંટ ઈસ્ટઃ (૧)** મયુરધ્વજરાજસિંહ ભરતસિહ ચૌહાણ (ઉ.વ.૨૫) (રહે, સનટ્રેક સોસાયટી કે.કે .નગર ઘાટલોડીયા મુળ વતન ગામ-દેવગણા તાલુકો- સિહોર જી- ભાવનગર અને (૨) કૃપાલી ડો/ઓ ભરતભાઈ કરીયા (ઉ.વ.૨૭) (રહે. દોલતાપ્રેસ વેરાવળ મોરા એપાર્ટમેન્ટ બ્લોક નં-૪૦૧ સો ફુટ રોડ વેરાવળ) એ કોઇ કારણસર તા.૬/૧/૧૬ સાંજના ૭/૪૫ વાગ્યાના સુમારે સુભાષબ્રીજ નારણઘાટ ખાતે બન્નેએ હાથે દુપટ્ટા બાંધી નદીમા પડતુ મુકી આત્મહત્યા કરી હતી .આ અંગે રીવરફ્રંટ ઈસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી પ્રવિણભાઈ અરખાભાઈ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)